# 34

**રાજ્યમાં એમ.બી.એ. અને એમ.સી.એ. કોલેજોમાં બેઠકો**

*15/4/2585 **શ્રી અર્જુનભાઈ દેવાભાઈ મોઢવાડીયા** (પોરબંદર) : **માનનીય ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,–

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ રાજ્યમાં એમ.બી.એ. અને એમ.સી.એ. અભ્યાસક્રમની સરકારી, અનુદાનિત અને સ્વનિર્ભર કોલેજોમાં કુલ કેટલી બેઠકો છે, | (૧) | સરકારી, અનુદાનિત અને સ્વનિર્ભર કોલેજોમાં એમ.બી.એ. અભ્યાસક્રમની કુલ ૧૬,૩૧૦ અને એમ.સી.એ. અભ્યાસક્રમની કુલ ૭,૪૮૧ બેઠકો છે. |
| (૨) | તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર સરકારી, અનુદાનિત અને સ્વનિર્ભર ઉક્ત કોલેજોમાં એમ.બી.એ. અને એમ.સી.એ.ની કુલ કેટલી બેઠકો ભરાયેલ અને કેટલી બેઠકો ખાલી રહી છે, અને | (૨) | સરકારી, અનુદાનિત અને સ્વનિર્ભર એમ.બી.એ. કોલેજોમાં વર્ષ ૨૦૨૨ માં કુલ ૧૧,૧૯૪ બેઠકો ભરાયેલ અને કુલ ૪,૨૭૦ બેઠકો ખાલી છે અને વર્ષ ૨૦૨૩ માં કુલ ૧૧,૬૩૫ બેઠકો ભરાયેલ છે અને કુલ ૪,૬૭૫ બેઠકો ખાલી છે.<br>સરકારી, અનુદાનિત અને સ્વનિર્ભર એમ.સી.એ. કોલેજોમાં વર્ષ ૨૦૨૨ માં કુલ ૩,૯૦૮ બેઠકો ભરાયેલ અને કુલ ૨,૩૨૯ બેઠકો ખાલી છે અને વર્ષ ૨૦૨૩ માં કુલ ૪,૪૧૪ બેઠકો ભરાયેલ છે અને કુલ ૩,૦૬૭ બેઠકો ખાલી છે. |
| (૩) | ઉક્ત બેઠકો ખાલી રહેવાના મુખ્ય કારણો શા છે? | (૩) | એમ.બી.એ. અને એમ.સી.એ. માટે પ્રવેશની લાયકાત સ્નાતક ડીગ્રી છે. સ્નાતક ડીગ્રી મેળવ્યા બાદ એમ.બી.એ. અને એમ.સી.એ. સિવાય અન્ય અભ્યાસક્રમોમાં પણ પ્રવેશ મેળવવાની તેમજ રોજગારીની વધુ તકોની ઉપલબ્ધીના કારણે. |

………………………..